R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 58 Issue No. 8 NOVEMBER - 2014

## સમયની સરવણી

આજના યુગનો કોઈ સૌથી મોટો અભિશાપ હોય તો તે છે ઉતાવળ. અત્યારે તમામ ચીજોમાં ઈન્સ્ટન્ટની બોલબાલા છે. ખાવામાં ફાસ્ટફુડ. આપણે એક સપ્તાહમાં અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ મેળવવું છે. ગણિતના માસ્ટર થઈ જવું છે. પળવારમાં ટેમ્પરેચર ડાઉન કરે તેવી ગોળીઓ જોઈએ. બધુ ફટાફટ પતાવવાનું. આપણાને જરાય ઢીલ ના ગમે. આ રીતે માણસ સમય મેળવે છે. પછી તે ગમે તે માર્ગે ઉડાઉપણે ખર્ચે છે.

ઝડપથી અને ઝાઝું કામ કરવામા ખોટું નથી, પણ દળી દળીને ઢાંકણીમાં ની જેમ હાથ ઉપરના કામો ઝડપથી આટોપી લઈને સમયની ખોટીરીતે બચત કરીને પછી વેડફી નાખવાનું ખોટું છે. આમા તો એક સમયચોરી છે. અને ખાસ કરીને તો કાળપુરૂષોની બેઅદબી છે. ટૂંકા રસ્તા કાઢવાના પ્રયાસોમાંથી આપણાં જીવનમાં પારાવાર કૃત્રિમતા જન્મી છે. ધીરજના ફળ મીઠા તેમ કહેનારા બેવકૂફ નહોતા. તેમાં કાળપુરૂષની અદબ હતી.

ઉતાવળે જીવીને પછી નિરાંતે મરવાનું જ છે. આ પરમ વાસ્તવિકતા છે. જીવનને વર્ષોમાં ખૂબ ખૂબ ઉતાવળ ભરીને બાકીના બધાં વર્ષો ખાલીખમ બનાવી દેવાથી શું ? વરસને દિવસ જેવું કરી નાખીને તમામ આયુષ્યજ તમે કાપી નાખો છો. જિંદગીમાં ઝડપ ભરી ભરીને તમે તેની મીઠાશને ખત્મ કર્યા કરો છો. તેનું શું ? ઉતાવળ ગુણાકાર જેવી લાગતી હશે. પણ કુદરતના ક્રમમાં તો તે બાદબાકી જેવી લાગશે.

2nd Cover Page

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
# શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (ધરીવાળા) પુરસ્કૃત
# ૬૩મો વાર્ષિક રસોત્સવની તસ્વીર ઝલક



શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રી રજનીકાન્ત કાન્તીલાલ કડકીઆ (ધરીવાલા) મા ઉપસ્થીત
મુખ્ય મહેમાન શ્રી દિનેશચંદ્ર ચીમનલાલ પરીખ (રાઠોડીયા) તેમના ધર્મપત્ની ગીતાબેન,
કાયમી દાતા શ્રી રજનીભાઈ કડકીઆ, શ્રી નીખીલભાઈ પરીખ તથા સંસ્થાના હોદેદારો અને સંયોજક

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘને મળેલા દાનના વચનો

| | |
|---|---|
| **(૧) એક અનામી દાતા તરફથી** | **રૂા. ૪,૫૦,૦૦૦/-** |
| **(૨) શ્રી દિનેશચંદ્ર ચીમનલાલ પરીખ (રાઠોડીયા) તરફથી** | **રૂા. ૧,૫૦,૦૦૦/-** |
| **(૩) એક અનામી દાતા તરફથી** | **રૂા. ૫૧,૦૦૦/-** |
| **(૪) સ્વ. બીપીનચંદ્ર ચીમનલાલ શેઠ (અત્તરવાલા)** | **રૂા. ૫૧,૦૦૦/-** |
| **હસ્તે જાસ્મીન બીપીન શેઠ તરફથી** | |

**સંસ્થા સર્વે દાતાઓનો આભાર માને છે**

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૮ | ૮ | ૨૧-૧૧-૨૦૧૪ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

બંકિમ પરીખ / જતીન ન. દેસાઈ

જીગર કડકીઆ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


## તંત્રી મંડળ તરફથી

# સમૂહલગ્ન

**– બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

**અમે કાકા-બાપાના છોકરાં રે...**
**'સમૂહલગ્ન' કરવા ચાલ્યાં !!!**
**અમે મામા-ફોઈના છોકરાં રે**
**નવો ચીલો ચીતરવા ચાલ્યાં!!!**

માનવી પોતાનાં જીવનમાં ઘણાં સ્વપ્નો સાકાર કરવાની ખેવના રાખતો હોય છે. તેમાંનું એક સ્વપ્ન એટલે પોતાનાં દિકરા-દિકરીનાં ધામધૂમથી લગ્ન કરવા. આ પ્રસંગને રંગેચંગે પાર પાડવો. પ્રસંગમાં નવીનક્કોર વસ્તુઓ રીત-રસમો અપનાવીને લોકોને આંજી નાખવા અથવા પ્રસંગને શાંતિથી સંતોષ કારક રીતે પાર પાડવો.

સંતાનો ઉંમરલાયક થતાં મા-બાપ મુરતિયો કન્યા શોધવાની શરૂઆત કરે છે. ઘણાંનું પ્રથમ શરૂઆતમાં જ બધું સમુંસૂતરું પાર પડી જાય છે. કેટલાંક ને રાહ જોવાનો વારો આવે છે. કેટલાંક ને બરાબર 'રેફરન્સ' નથી મળતાં. કોને પૂછવું ? સમજ નથી પડતી. કેટલાંકની ગાડી પાસેનાં લાલ સિગ્નલ જલ્દી ખસતાં નથી. દરેકને પોતાનાં ગમા-અણગમા, કારણો, સંજોગો, અનુકુળતા-પ્રતિકુળતા હોય છે.

આ સમયે મા-બાપની નજર પડે છે. 'મેરેજ બ્યુરો' પર. બધા મેરેજ બ્યુરો વાળા સેવા-ભાવી અને સમાજનાં હિતની રક્ષા નથી કરતા. કેટલાંક 'લગ્ન'ના નામે ઉઘાડી લૂંટ ચલાવે છે. રૂપિયા પચાસ હજાર થી લઈ બે-ત્રણ લાખ ખંખેરી લેવામાં આવે છે. પહેલાં રજીસ્ટ્રેશન પછી મિટીંગ, રિજેક્ટ, બીજા સાથે મિટીંગ, હવે પાછું રજીસ્ટ્રેશન, નક્કી થયું, પહેલા રૂપિયા પછી વિગતો... વગેરે વગેરે.

આવી બધી હતાશા - નિરાશા વચ્ચે પણ આશાના સુખદ કિરણો હોય છે. શ્રીમતી શિલ્પાબેન ઉર્વિશ મોદી

(દેવ) છેલ્લાં દસ વર્ષથી ‘બાલાસિનોર પ્રગતિ સમાજ મેરેજ બ્યુરો સાથે સંકળાયેલા હતાં. આપણાં આ મેરેજ-બ્યુરોની ગતિ-વિધિ જાણવા મેં તેમને ફોન પર પૂછપરછ કરી. આમાં તેમણે આપેલી માહિતી અનુસાર શ્રીમતી નિશાબેન જતીન દેસાઈ આ સમિતિના સંયોજક છે. તેમના સાથે આપણી જ નાતની આઠ-દસ પ્રતિષ્ઠિત મહિલાઓ જોડાયેલી છે અને સમાજના ચાર-પાંચ અગ્રણી અધિકારીઓ તેમના કાર્યને વેગ આપવાનું, પ્રોત્સાહન આપવાનું કાર્ય કરે છે. મદદ કરે છે.

આપણી ચોક્કસ માન્યતાઓ, ખોટી માનસિકતા બદલી નાતના દરેક કુટુંબે આ કાર્યમાં સહકાર આપવાની, એમાં સામેલ થવાની હોંશભેર તૈયારી બતાવવી જોઈએ. તેમના કાર્યને આપણે બિરદાવવું જોઈએ.

છોકરા-છોકરીની પસંદગી થયા પછી પ્રશ્ન આવે છે લગ્ન કઈ રીતે લેવા ?ક્યાં લેવા ? વગેરે... વગેરે... આપણી નાતમાં એકપણ સમૂહલગ્ન થયાં નથી, એની માટેનો પ્રતિસાદ મળ્યો નથી. પરંતુ બીજી જ્ઞાતિઓમાં ‘સમૂહ-લગ્ન’ સફળતાપૂર્વક પાર પડે છે. અને લોકો આનંદથી સહભાગી પણ થાય છે. અત્યારના સંજોગો જોતાં લાગે છે કે જો આ પ્રથા લોકો અપનાવશે તો અનેક ફાયદા તેમને ચોક્કસ થશે.

લગ્નની જવાબદારી સંસ્થા લેતી હોવાથી વરપક્ષ કે કન્યાપક્ષવાળા અનેક પ્રકારની મુસીબતો, હાડમારી, ટેન્શન, તકલીફોમાંથી મુક્ત થઈ શકશે અથવા તેમાં ઘણી રાહત થશે. રોજ રોજ વધતી મોંઘવારી સામે સમાજના પ્રજાજનોને પોતાના સમાજનો સાચો સાથ મળશે. બધા માણસોની બધે પહોંચ કે ઓળખાણ નથી હોતી ત્યાં સંસ્થાની મદદ થી ગઢ જીતી ગયા જેવો આનંદ થશે. એક રીતે સમાજનું સંગઠનબળ વધશે. જીવનના બીજા અનેક પ્લાનિંગ માટે બચાવેલ રૂપિયા વાપરી શકાશે અથવા રોકાણ કરી શકાશે.

શ્રી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ(બારીશી) જ્ઞાતિમાં

# નૂતન વર્ષે આત્મદીપ પ્રગટે

✍ દેવાંગ રાજેન્દ્ર મોદી

'તુ કહે મંદિર માં છે ને હું કહું કે દિલમાં છે
દોસ્ત ચોકખું રાખીએ બસ આપણે ઈશ્વર નું ઘર!!'

**નૂતન વર્ષે આત્મદીપ પ્રગટે**

જોને કેવું સરસ છે. આતો નવું વરસ છે.
સંબધો નો સથવારો ને લાગણી અરસ પરસ છે.
આ તો નવું વરસ છે.
જોખમ થયા જુના આજ તો નવું સાહસ છે.
આતો નવું વરસ છે.

ભૂલી જઈને 'અંતર' રહીએ અંતરમાં ચાલને પ્રયાસ આવો એક નિખાલસ પ્રવાસ કરીએ. ફરી ફરીને ત્યાં જ મળીશું, ખુદથી ભાગીને કયા જઈશું ?

આ દુનિયા ક્યાં ચોરસ છે!!

આતો નવું વરસ છે.

દીવાળી એટલે તહેવારો ના દિવસોનું આખું ઝુમખું ફેસ્ટિવલ કિંગ ખરૂને? અને નવું વર્ષ એટલે નવશક્તિને પામવાનો, જુના વેરઝેર ભૂલીને નવ વર્ષ નિમિત્તે પ્રેમપૂર્વક સાલ મુબારક કરીને સ્નેહ ફેલાવવાનો, આશીર્વાદ લેવાનો-દેવાનો દિવસ. નવી આશાઓ, નવા ઉમંગો, નવો અજવાસ લઈ બાહો પ્રસરાવી નવુ વર્ષ આંગણે આવી પહોંચ્યુ છે ત્યારે નવા વર્ષના વધામણાં લેતા લેતાં આપણને પોતાને આપણાં સ્વ ને ગોતવાનો અવસર સાંપડે છે. આમ પણ નવું વર્ષ એટલે કાંઈક નવું નક્કર કરવાનો સંકલ્પ. આચરણ શુદ્ધ કરવાની તક અને એના માટે તો આપણે જાતે જ આપણને મળવું પડે આપણી અંદર હૃદયમાં રહેલા શુભને વેગ આપવો પડે. દિવાળી નિમિત્તે ઘરની સાફસફાઈ કર્યા બાદ આપણે કચરો ક્યાં જાય છે એની તસ્દી લેતા નથી. એમ બહારથી ભલે આપણે ચોખ્ખા દેખાઈએ પણ જરૂરતો છે. મનથી હૃદયથી શુદ્ધ થવાની. આપણું આંગણુ ભલે સ્વચ્છ રાખી એ સાથે સાથે આપણું હૃદય પણ નિર્મળ રાખીએ.

નવા વર્ષ નિમિત્તે જુના જખ્મો, જુની યાદો, જુની કડવાશ ભૂલી નવેશરથી સંબધોની શરૂઆત કરીએ. જીવનની વ્યસ્તતા વચ્ચે સમયના અભાવને લીધે આપણે સગા સ્નેહો, વડીલોને ભલે મળી શકતા ના હોઈએ એમની અને આપણી વચ્ચે 'અંતર' હોય પણ આપણે આપણા વ્યક્તિત્વનું એવું ઘડતર કરીએ કે એમના 'અંતર'માં દિલમાં હંમેશા સ્થાન પામીએ. શુભ પ્રસંગે, પ્રત્યક્ષ નહી તો પરોક્ષ । રીતે, ફોન, ફેસબુક, વ્હોટસઅપ કે મેસેજીસ દ્વારા એમના આશિર્વાદ પામીએ.

આપણાં વર્તનથી કોઈનું દિલ ના દુભાય એવી ઈશ્વરને પ્રાર્થના કરીએ. જીવનમાં ભલે ગમે એટલી ભૂલો થઈ હોય એનો સ્વીકાર કરી ફરી એ ભૂલો ન થાય એવો સંકલ્પ લઈ આગળ વધીએ નિરાશા ખંખેરી આત્મવિશ્વાસ પ્રબળ બનાવીએ. આપણા જીવનમાં અજવાળું તો આપણે આપણી જાતે જ કરવાનું છે નીત નવાં રંગો જાતે જ પૂરવાના છે.

હંમેશા સૌને મદદરૂપ થઈએ એવું આપણું ઘડતર કરીએ. વ્યસન પાછળ ફાલતુ પૈસાના ખર્ચતા ગરીબની ભૂખ ભાંગીએ. લાખો રૂપિયા ભલે આપણે દાન ના કરી શકીએ. પણ કોઈ એક ગરીબ વિદ્યાર્થીની શાળાની ફી ભરી શકીએ. જુના કપડાં, રમકડાં અનાથ આશ્રમમાં દાન કરી શકીએ. વર્ષગાંઠ નિમિત્તે સાલગિરાહ નિમિત્તે ફેમિલી સાથે હોટલમાં જતા વૃદ્ધાશ્રમ કે અનાથ આશ્રમ માં જઈ મીઠાઈ વહેંચી દિવસ સ્પેશિયલ બનાવીએ. ભલે આપણે દિવસમાં એકેય વાર મંદિરના જઈ શકીએ. કે ઘરે સેવા ના કરી શકીએ પણ સવારે એકવાર ઠાકોરજીની છબી સમક્ષ સાચાદિલથી મસ્તક તો નમાવી શકીએ!

ચાલો નવા વર્ષે સૌ સાથે મળીને એક આવો સુંદર પ્રયાસ તો કરી જોઈએ!

'સૌને નૂતન વર્ષાભિનંદન
બારે મહિનાના જયજય શ્રી ગોકુલેશ' ❖❖❖

# એકાગ્રતા

✍ શૈલેષ કી. દેસાઈ

જીવનમાં દરેક ક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરવા એકાગ્રતાની જરૂર છે. આપણે ગાડી ચલાવવી હશે કે રૂપીયા ગણવા હશે કે સોયમાં દોરો પરોવવો હશે તો પણ એકાગ્રતા તો જોઈશે જ. જેમને સાધના કરવી છે કે આત્મા પરમાત્માનો સાક્ષાત્કાર કરવો છે તેમને એકાગ્રતા એજ સફળતા પ્રાપ્ત કરવા માટેનું અનિવાર્ય સાધન છે.

પાનખરમાં વૃક્ષ પોતાનું અસ્તિત્વ ટકાવી શકે છે. ઉછળતાં મોજાઓની સામે વહાણ ટક્કર ઝીલી શકે છે, કાંટાની વાડપર બેસીને કોયલ ટહુકી શકે છે. કાજળ જેવી રાત્રીમાં તારાઓ ટમટમી શકે છે. તેમ અનેક ઉપાધિઓ વચ્ચે દ્રઢ મનનો માનવી એકાગ્રતા રાખી સાધના કરી શકે છે.

અભ્યાસ અને સાધનામાં એકાગ્રતાનું ખુબજ મહત્વ છે. આચાર્ય દ્રોણની પરિક્ષામાં અર્જુનની એકાગ્રતાને કારણે જ સફળ થયેલા. પક્ષીની ડાબી આંખ સિવાય બીજી કશું એમને દેખાયુ જ નહી. એવી એકાગ્રતા તેમને સાધી, તેથી જ તે સફળ લક્ષને સાધી શક્યા. પાંડવો અને યાદવોને સગપણના સંબંધથી તથા વાસુદેવને મમતાથી પ્રભુનું સાયુજ્ય મળ્યું હતું. નારદ, ધ્રુવ, અક્રુર, શુક્ર તથા સનતકુમારને ભક્તિથી પ્રાપ્ત થયા હતા, ગોપિને વિષય બુદ્ધિથી, કંસને ભીતિથી તથા શિશુપાલને વૈર વુદ્ધિથી પ્રભુ પ્રાપ્ત થયા હતા. જે માર્ગે ભક્તિથી વિષય બુદ્ધિથી, વૈરબુદ્ધીથી કે વિરક્તિથી ગમે તે નિમિત્તે પ્રભુનુ ચિંતન કરો તો પ્રભુ પ્રાપ્ત થાય છે. મારામાં ચિત્તને સ્થિર કરી મતપરાયણ થશે તો પરમેશ્વર જ મળશે. ગીતા અધ્યાય ૯, શ્લોક ૩૪મો કંસના હ્રદયમાં સતત ભ્રમણા હતી કે મારે કૃષ્ણને મારવો છે, મારે કૃષ્ણને મારવો છે જે તેના છેલ્લા શ્વાસોશ્વાસમાં પણ કૃષ્ણનું જ નામ હતું, ભલે વેરથી લેવાતુ હતુ. પણ છેવટે તે કૃષ્ણને પામે છે. તેજ રીતે રાવણ મુળ શંકરનો ભક્ત, છેવટે મરતા મરતા રામનું જ નામ વૈરથી લેવાતા મૃત્યુને અમરત્વજ મળે છે. મનુષ્ય અવતારમાં જ મહાન સંતો, મહંતો, શૂરા, દાનવીરો અને ભક્તો પેદા થઈ ગયા છે જે સમાજનું એક સદ્‌ભાગ્ય છે. જે મનુષ્ય અવતારનું આગવુ લક્ષણ છે. નરસિંહ મહેતા, મીરાબાઈ, વીરભાથી ખત્રી, રામદેવ પીર, ગાંધીજી, સરદાર, સ્વામિ વિવેકાનંદ, સંત પૂનિત મહારાજ જેવા અનેક સંતો ભકતો વિરપુરુષોએ મનુષ્ય અવતારની દેન છે. અનેક વિરાંગનાઓએ આવવા ઈતિહાસનું સર્જન કર્યુ છે. સર્વ અવતારોમાં મનુષ્ય અવતાર જ શ્રેષ્ઠ, અમુલ્ય અને ઉત્તમ છે. ચોર્યાસીલાખ અવતારોમાં મનુષ્ય અવતાર જ શ્રેષ્ઠ છે.

વસિષ્ઠે શાહી નામે વસ્ત્ર વડે સૂર્યનો પ્રકાશ પાડયો. વિશ્વામિત્રે પ્રતિસૃષ્ઠિ નિર્માણ કરી, રામચંદ્રે સમુદ્ર પર પાષાણનો સેતુ બાંધી સર્વ સૈન્ય પાર ઉતાર્યુ, મારુતિએ આકાશમાં ઉડ્ડયન કરી સૂર્યની ફળને પેઠે હસ્તમાં ધર્યા એમ અગસ્ત ઋષિએ એક જ આચમનથી સમુદ્રનું પ્રાશન કર્યુ આ સર્વે પાછળ એકાગ્રતાથી લીધેલું ને કરેલું જપ-તપ ને તપશ્ચર્યાનું પરિણામ છે.

ઓશો-રજનીશ કહે છે. ધ્યાન પણ એક ઉપકરણ છે. જે સમાધિ સુધી પહોંચવાનું એક માત્ર સાધન છે. સાગર પાર જવું હોય તો હોડીમાં બેસવું પડે છે. પણ કિનારો આવતા જેમ હોડીને છોડવી પડે છે તેમ સમય આવે ત્યારે ધ્યાનની મથામણ છોડવી પડે છે. પછીતો માત્ર પ્રતિક્ષા કરવાનીહોય છે.

એક પ્રસિદ્ધ વિચારક ડેવીડ હુમે લખ્યું છે કે સોક્રેટીસે વારંવાર કહેવાતી એકની એક વાત કે એકાગ્રતાથી પોતાની અંદર ઉતરો ત્યાંજ સુખ, શાંતિ ને આનંદ-પ્રકાશ છે. એ આનંદ અવિનાશી હોય છે. એને કોઈ નષ્ટ પણ કરી શકતું નથી. માટે શાણા માણસો, વિચારકો પોતાની અંતર્ગુહામાં ઉતરે છે અને કેન્દ્ર સાથે સંયુક્ત થઈ ને જીવે છે. જો એકાગ્રતા નહી હોય તો વિદ્યા કે બ્રહ્મવિદ્યાનો હેતુ નહીં સરે માટે સ્વામિનારાયણ ભગવાને પણ તેમની સ્વમુખવાણી વચનામૃતમાં (પ્રવૃતિમાં) કહેલું છે કે જો

તમે આખો દિવસ પ્રવૃત્તી માર્ગમાં રહીને ગમે તેવી ક્રીયા કરી હોય પરંતુ ઘડી બે ઘડી પણ જો ભગવાનનું નામ સમ્મરણ રટણ કરીશુ તેમાં ઈન્દ્રીઓ અંતકરણને જીવ સાથે એકાગ્રતા પણે જોડી દેશુ તો દિવસભરમાં સહેજે થયેલુ સર્વ પાપ બળી જશે. પરંતુ ભગવાનમાં વૃતિ નહિ રહે અને આખો દિવસ ભજન કરીશું તો પણ પાપ ટળશે નહી.

કાંદાને હાથમાં લઈ જોશું તો તેના પર છોતરા ઉપર છોતરા જ વિંટળાયેલા હોય છે. આ બધા છોતરા ઉતારીશું તો અંદર કશું જ નહી, માત્ર ખાલી ખુલ્લી હવા જ હોય છે. જે રીતે કાંદા એક છોતરાઓનો સમુહ છે તેજ રીતે મનુષ્ય સંસ્કારમાં ધારણાં, માન્યતા, વિચારો, ભાવ, જ્ઞાન, ઈચ્છાઓ, અપેક્ષાઓ અને જુદી જુદી ઓળખાણના પડ પર પડ લાગેલા છે. આ બધાને ધ્યાનથી અલગ અલગ કરતા જઈશું તો અંદર જે શૂન્યતાનો અનુભવ છે તે જ ધ્યાન એકાગ્રતાનું પરિણામ છે. અહંકાર એ આખરે છે શું ? આપણા સાચા સ્વરૂપ ઉપર જામેલો કચરો અને અનેક પ્રકારની માન્યતાનો સમૂહ છે. બીજાને સ્વીકારવાની જીદ છે. હું કરું તેજ સાચું ! મોટાભાગે હઠાગ્રહ હોય છે, પોતાની માન્યતા બીજા પર ઠોકી બેસાડવાની જીદ હોય છે. જાત અનુભવ સિવાય એકાગ્રતાથી આવેલા ધ્યાનનો સ્વાદ કદી કોઈને મળતો નથી અને મળશે પણ નહીં. જે ફક્ત સ્વને જ મળે છે. જ્યારે અહંકાર મટે છે ત્યારે જ સ્થિર સમાધિનો અનુભવ થાય છે, એમ રજનીશ કહે છે. આખરી ઈચ્છા જો નિર્મળ થવાની જ હોય તો પથ્થરોની વચમાંથી વહેવું પડે છે. ગળાઉ પડે છે.

બીજાની વાણી, વિચારને મંતવ્ય સ્વિકારશું તો જ આપણી પ્રગતિ થશે. જેને માટે અહંમ છોડવો પડે છે. ધર્મ ધ્યાન અને ધર્મ ક્રિયા વચ્ચે આભ-જમીનનો ફેર છે. ધર્મના ક્રિયાકાંડોથી ચિત્તની સ્થિરતા પ્રાપ્ત થતી જ નથી. અહંકાર નાબૂદ થયો નથી ઉલટાનું ક્રીયાકાન્ડથી પોષણ મળે છે. જેથી અશાંતિમાં વધારો થાય છે પવિત્ર વાતાવરણ જરૂર સહાયક બને છે. ધ્યાનમાં ચારિત્ર શુદ્ધિની અને મૌનનો અભ્યાસ આવશ્ક છે. ધ્યાનમાં દિર્ઘકાલીન અભ્યાસ પછીજ આપણી ચિત્તધારાનો પ્રવાહ પરિવર્તન પામે છે. અને બહારના પાર્થિવ પદાર્થો પ્રાપ્ત કરવાની દોડ શમી જાય છે અને જ્ઞાનની ધારા આત્મા પ્રત્યે ઝુકેલી રહે છે. અને આપણા અનંત કાળની કર્મધારાની શૃંખલા શિથીલ થાય છે. સમતાપૂર્વક સાક્ષીભાવમાં સ્થિર થઈને તટસ્થાપૂર્વક વર્તી શકીએ છીએ. આમ આપણા આત્માભાવને માણી શકીએ છીએ. આજ ધ્યાનની સ્થિતિ છે. સમતા-સમત્વ એજ શાંતિ છે મહા આનંદની સ્થિતિ છે. આજ ધ્યાનનું પરિણામ છે. જ્યાં સુધી આપણે ઈન્દ્રીયસુખમાં રસ છે ત્યાં સુધી સુખથી વંચિત રહેવાના એટલે જ ધ્યાનજ મનને વિશ્રામ આપે છે એટલે ધ્યાન એજ દુઃખમાત્રનું વિશ્રામ છે.

મન ઈન્દ્રીયને સ્થિર કરી જપવું હરિનું નામ,
ધ્યાન ધરવું શ્રી હરિનું, પ્રીલે આઠો જામ.

એકાગ્રતા જીવનમાં કેળવેલી નહી હોય તો ધ્યાન થઈ શકશે નહી.

'બોબી' પીકચરમાં જ્યારે જૂઠ બોલે કૌઆ કાટે ના ગીતના શુટીંગ દરમ્યાન પ્રથમ પીકચર હોવાથી અને પિતાની સામે રોમેન્ટીક દ્રશ્ય ભજવતા રીષીકપુર અચકાટ થતા બરોબર હાવભાવ નહતો આપી શકતો ત્યારે રાજકપૂરે તેનો એકટીંગ પર એકાગ્રતા રાખી બીજીવસ્તુ મનમાંથી હાંકી કાઢવા કહેલું. તેજ રીતે સત્યમ શિવમ સુંદરમના ફિલ્મના ગીત ચંચલ, શિતલ, નિર્મળ, કોમલના શુટીં દરમ્યાન શશીકપુર મોટાભાઈ સામે કઠંગી હાલતમાં .... કીસનુ દ્રશ્ય આપતા ખચકાટ અનુભવતો હતો ત્યારે રાજકપુરે ફક્ત એકટીંગમાં એકાગ્રતા રાખી શરમ સંકોચ ન રાખવો આગ્રહ કર્યો ત્યાર બાદ શુટીંગ ઓકે થયેલું.

ભણાતા બાળકોને અનેકવાર એકાગ્રચીત્તે વાંચવાનો આગ્રહ બાળકને નહીં કરવો પડે, સિંહે પણ શિકાર કરવા સ્થિર થઈ પછી છલાંગ મારે છે, મનુષ્ય જીવનને ધબકતું રાખવા માટે જેમ ફેફસાની આવશ્યકતા છે તેમ જીવન વિકાસ માટે દરેક કાર્યમાં સફળતા માટે એકાગ્રતાની જરૂર છે. ભોજન કરવું હશે તો પણ કોળીયાને હાથ વડે ઉપાડી મોઢામાં મુકવો પડે છે. ખેડૂતને

પાક ઉતારવા ખેતર ખેડવું પડે છે. સિદ્ધિ મેળવવા સાધના કરવી જ પડે છે.

નિત્ય નિયમપૂર્વક ધ્યાન કરો,
સ્થિરબેસી સ્મરણ કરો,
પ્રભુના આકારનો પૂરો ખ્યાલ કરો.
ધ્યાન અભ્યાલે શ્રીજી, રાજી.

એકાગ્રતા વગર કરેલુ ભજન, ભોજન, સ્મરણ ક્યારેય ફળદા બનતું નથી. અજામિલે મૃત્યુ સમયે પુત્રમોહે નારાયણ નામનો ઉચ્ચાર કરવાથી તેને મુક્તિ આપી હતી. ભૃગઋષિએ આપના હૃદય પર લાત મારી તેનું ચરણચિન્હ પ્રભુએ હૃદય પર ભૂષણ તરીકે માનીને ધારણ કર્યુ હતું. આવા સુલ્લકકારણોથી પણ પ્રભુ સ્મરણ કરવાથી ઈશ્વર પ્રાપ્તી થાય છે.

(માળા તો) કરમે ફિરે, જીભ ફિરે મુખમાં કી,
મનતો સહ દિશા ફિરે, સૌ સૌ સુમરિન નાહી,
સ્વામી આનંદ પ્રિયદાસજી.

કોઈ વ્યક્તિ જ્યારે ડીપ્રેશનના સમયમાંથી પસાર થાય છે ત્યારે ચિત્તની એકાગ્રતા જળવાતી નથી, તે જ રીતે મોટા આઘાત અકસ્માત, શારીરીક અસહન પીડા, સ્નેહીનું મોત કે અવસાન, સાથી થી છુટા પડવું. આ સમય દરમ્યાન એકાગ્રતા જળવાતી નથી પણ જીંદગીમાં આવો એક સમય હોય છે એક સમય પરંતુ જ એ ધ્યાન કહેવાય છે પછી આજીવનમાં એકાગ્રતા કેળવી શકાય છે. ✤✤✤

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

**સંચાલિત**

## શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારિયા (રંગુનવાલા) પુરસ્કૃત

**'' ઉપનગર વિભાગ'' બીજો પ્રોગ્રામ યોજે છે**

**અરવિંદ રાઠોડ નિર્મિત, ફિરોજ ભગત દિગ્દર્શિત ગુજરાતી નાટક**

## ''મારી તો અરજી બાકી તમારી મરજી''

**તારીખ : ૭-૧૨-૨૦૧૪ને રવિવારે - સમય : સવારે ૧૦.૦૦ કલાકે**

**સ્થળઃ પ્રબોધન ઠાકરે, ચામુંડા સર્કલ, બોરીવલી (વેસ્ટ).**

**ટિકીટનો ચાર્જ :** રૂા. ૬૦ અને બાલ્કનીના રૂા. ૪૦ છે. એક વ્યક્તિને ચાર ટીકીટ મળશે. તા. ૨૩-૧૧-૧૪ સવારે ૧૦ થી ૧૨

**સ્થળ : (૧) શ્રી બાલાસિનોર નવયુવક સંઘ,** ૧૧૮/૧૨૦ અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ - ૪

**વાંદરા થી જોગેશ્વરી સુધી**

(૨) **શ્રી અજય પ્રવીણચંદ્ર દોશી :** બી/૧૨, નવ શિલ્પવાની લલ્લુભાઈ પાર્ક અંધેરી (વેસ્ટ) મો. ૯૮૧૯૩૪૨૮૫૬

**ગોરેગાંવ થી કાંદિવલી**

(૩) **શ્રીમતી કોકીલાબેન હીરાલાલ પરીખ (ડાબલી)** A/24, કૈલાસ નગર, શંકર ગલ્લી, કાંદીવલી (વેસ્ટ)
નિમિશ ગાંધી - ૯૮૨૧૧૬૪૭૩૧

**બોરીવલી થી વિરાર**

(૪) **શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા)** સી/૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ). મો. ૯૮૨૦૦૧૧૫૮૬

વિતરણના દિવસે ટિકીટ વધશે તો બીજે દિવસે મળશે. સ્થળઃ શાહ એન્જી કું., ૬૪, નાગદેવી સ્ટ્રીટ, ૨૦૪, લેવાટા, બીજે માળે, મુંબઈ - ૩, ટેલીફોનઃ ૨૩૪૪૭૩૮૨

**મંત્રી : શ્રી ભાવેશ બાબુલાલ મોદી** **સંયોજક : શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ**

# શ્રી બાલાસિનોર નવુયવક સંઘ સંચાલિત
# શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારિયા (રંગુનવાળા) પુરસ્કૃત 'ઉપનગર વિભાગ'
# દાંડીયા-રાસનો અહેવાલ

દાંડીયા રાસ તા. ૫-૧૦-૧૪ને રવિવારે સાંજે ૫.૩૦ કલાકે કેવલબાગ કાંદિવલીમાં રાખ્યા હતા. મનીષ ઓર્કેસ્ટ્રાના સથવારે.

દરેક બાલાસિનોરની આવનાર વ્યક્તિને ગેટ ઉપર પેંડા અને કોલ્ડડ્રીંકની કુપન આપી સ્વાગત કર્યું હતું. પેંડા ના સ્પોન્સરર શ્રીમતી દક્ષાબેન દિપકભાઈ શાહ (હાથીખાનાવાળા) અને કોલ્ડડ્રીંકના સ્પોન્સરર ડૉ. અતુલભાઈ રસીકલાલ કડકીયા (રેનાવાલા) હતા.

શ્રી સુધીરભાઈ ચીમનલાલ ધારિયા અને એમના ધર્મપત્ની શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારિયાનું સંસ્થાના પ્રમુખશ્રી કલ્પેશભાઈ, મંત્રી શ્રી ભાવેશભાઈ તથા સંઘના હોદ્દેદારો, સંયોજક અને કમિટિ સભ્યોએ આવકાર ભર્યું સ્વાગત કર્યું હતું. શ્રી સુધીરભાઈએ રૂા. ૩૦,૦૦૦/-નું માતબર દાન આપ્યું હતું.

દરેક રમનારા ખેલૈયાઓને ઉંમર પ્રમાણે ગેટ ઉપરથી બેચ નંબર (ભાઈઓ, બહેનો અને બાળકોને) આપ્યા હતા. સૌ પ્રથમ યમુના મહારાણીની આરતી કરી ગરબાની શરૂઆત કરી હતી. બહુ જ સારી એવી સંખ્યામાં ઉપસ્થિત રહી જ્ઞાતિજનોએ દાંડીયા રાસમાં ભાગ લીધો હતો. નોન સ્ટોપ સતત બેથી સવા બે કલાક લોકો મનીષ ઓર્કેસ્ટ્રાના સથવારે રમ્યા હતાં.

સુર સંગમ અને કલાનું મિલન એવા આપણા આજના માનનીય નિર્ણાયક (૧) શ્રીમતી શ્રદ્ધાબેન પરીખ (રાણા) (૨) શ્રી રીતેશભાઈ હકાણી જેઓ ગરબા , દાંડીયા અને ફોક ડાન્સના ક્લાસીસ ચલાવે છે. એવા બે નિર્ણાયક જજને બોલાવ્યા હતા. બંન્ને જણાએ બહુ ઝીણવટભરી રીતે નિરિક્ષણ કરી નાના તેમજ મોટાની ક્ષમતા પ્રમાણે કંમ્પેર કરી જજમેન્ટ આપ્યું હતું.

શ્રી બંકીમભાઈ પરીખે દાંડીયા પત્યા પછી દરેકને જે.જે.શ્રી ગોકુલેશ કહી સ્ટેજ ફંકશનની શરૂઆત કરી. સંયોજક, મંત્રી તેમજ હોદ્દેદારને સ્ટેજ ઉપર આમંત્રિત કર્યા. પછી શ્રી સુધીરભાઈ, શ્રીમતી મીનાબેન, શ્રી રાજુભાઈ અને શ્રીમતી સ્મિતા શાહને સ્ટેજ ઉપર આમંત્રિત કર્યા હતા.

શ્રી સુધીરભાઈ ચીમનલાલ ધારિયા (રંગુનવાલા)નું સંસ્થાના મંત્રી શ્રી ભાવેશભાઈ મોદીએ શાલ ઓઢાડી બહુમાન કર્યું હતું. ઉપનગર વિભાગના સ્પોન્સરર શ્રીમતી મીનાબેન સુધિરભાઈ ધારિયા (રંગુનવાળા)નું સહમંત્રી શ્રી નીલેશભાઈના ધર્મપત્ની શ્રીમતી કૌશિકાબેને બુકે આપી બહુમાન કર્યું હતું. તેમજ બંને જજ શ્રીમતી શ્રધ્ધાબેન પરીખ (રાના) અને શ્રી રીતેશભાઈ હકાણીનું સંયોજક શ્રી હેમેન્દ્ર શાહએ ગીફ્ટ આપી બહુમાન કર્યું હતું.

દાંડીયા રાસના ઈનામના નામ જજે એનાઉન્સ કર્યા હતા. બેસ્ટ ડાન્સરને પહેલું અને બીજું તેમજ બેસ્ટ ડ્રેસને પહેલુ ઈનામ શ્રી સુધીરભાઈ, મંત્રી શ્રી ભાવેશભાઈ મોદી, સહમંત્રી શ્રી જશ્મીનભાઈ શેઠ તથા શ્રી નીલેશભાઈ શાહના હસ્તે આપ્યા હતા.

મણીબેન મણીલાલ શાહ (ઝાટ) પુરસ્કૃત પારિતોષકનું વિતરણ શ્રી રાજુભાઈ અને એમની સુપુત્રી શ્રીમતી નીતાબેન શાહના હસ્તે ધો. K.G. થી Std.9 ઉપનગર વિભાગના બાળકોને આપ્યા હતા. રાજુભાઈ મણીલાલ શાહ તરફથી રૂા. ૨૫૦૦૦/-નું ડોનેશન એમના ફંડમાં વધારો કરવાનુ વચન આપ્યું હતું.

સંસ્થા શ્રી સુધીરભાઈ ચીમનલાલ ધારિયા (રંગુનવાલા), શ્રી રાજુભાઈ મણીલાલ શાહ,

કેવલબાગના ટ્રસ્ટી, બંને જજ, મનીષ ઓકેષ્ટ્રાનો આભાર માને છે તેમજ સંસ્થાના હોદેદાર અને મારા સાથી કાર્યકર્તાઓએ પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે મને મદદ કરી છે એમના અમે આભીરી છીએ.

દાંડીયા રાસના વિજેતાની યાદી

**ઉંમર ૧૨ વર્ષની નીચે**

| | | |
|---|---|---|
| 1st Male | A-30 | Romil Parikh |
| 1st Female | A-22 | Heeya Shah |
| 2nd Male | A-23 | Vansh Shah |
| 2nd Female | A-16 | Harshita Shah |
| Best Dress Male | A-15 | Khush Modi |
| Best Dress Female | A-20 | Hazal Desai |

**ઉંમર ૧૩ થી ૨૦ વર્ષ**

| | | |
|---|---|---|
| 1st Male | B-20 | Nikesh Shah |
| 1st Female | B-19 | Komal Shah |
| 2nd Male | B-13 | Nishit Kadakia |
| 2nd Female | B-10 | Rashi Parikh |
| Best Dress Male | B-1 | Nishit Parikh |
| Best Dress Female | B-9 | Sachi Desai |

**ઉંમર ૨૧ થી ૩૦ વર્ષ**

| | | |
|---|---|---|
| 1st Male | C-8 | Premal Dharia |
| 1st Female | C-4 | Khyati Modi |
| 2nd Female | C-7 | Siddhi Kadakia |
| Best Dress Female | C-2 | Shefali Shah |

**ઉંમર ૩૧ થી ૪૫**

| | | |
|---|---|---|
| 1st Male | D-11 | Akshit Parikh |
| 1st Female | D-1 | Smita Parikh |
| 2nd Male | D-10 | Dharmesh Shah |
| 2nd Female | D-8 | Nikita Modi |
| Best Dress Male | D-7 | Sheetal Parikh |
| Best Dress Female | D-3 | Dipali Doshi |

**ઉંમર ૪૫ થી ઉપર**

| | | |
|---|---|---|
| 1st Male | E-2 | Nilesh Parikh |
| 1st Female | E-11 | Madhuben Bhatt |
| 2nd Male | E-3 | Pradeep Dharia |
| 2nd Female | E-7 | Rita Shah |
| Best Dress Male | E-9 | Rakesh Shah |
| Best Dress Female | E-6 | Rashmi Parikh |

**મંત્રી – શ્રી ભાવેશ મોદી, સંયોજક – શ્રી હેમેન્દ્ર શાહ**

શ્રી બા.ન. સંઘ સંચાલિત
શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત

# મહિલા વિભાગ

## દિવાળી સ્નેહ સંમેલનના મુખ્ય મહેમાન
## શ્રીમતી મિનાક્ષીબેન મોહિતકુમાર મહેતા (લેડી)નો પરિચય



સ્વ. મણીબેન આે ૨છ૭૮ા૯ાા૯ા કડકિયાના સુપુત્રી મિનાક્ષીબેનનો જન્મ ૨૪ માર્ચ ૧૯૪૮માં મુંબઈમાં થયો હતો. એમણે અભ્યાસ B.A. in Political Science માં Wilson College માંથી સ્નાતકની પદવી મેળવી, સ્વ. કાંતિલાલ લેડીના સુપુત્ર મોહિતભાઈ સાથે લગ્ન ગ્રંથિથી સન્ ૧૯૭૦માં જોડાઈ કલકત્તામાં કાયમી નિવાસ કર્યો.

સ્વભાવે શાંત અને મિલનસાર એવા મિનાક્ષીબેન ખૂબજ ધર્મિષ્ઠ, કુટુંબ વત્સલ અને પ્રેમાળ. પ્રવાસ પર્યટનનો અને ધાર્મિક પ્રવૃતિનો વિશેષ શોખ છે. અમેરિકા, યુરોપ, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા એમ વિવિધ દેશોનો પ્રવાસ કર્યો છે. નિયમિત સત્સંગમાં જવું એ એમની ખાસ પ્રવૃતિ છે. કલાવતીબેન લેડીની પ્રેરણાના પગલે તેમણે સમાજની વિવિધ સંસ્થાઓમાં દાન આપ્યું છે.

મિનાક્ષીબેન Inner wheel of Kolkatta Midtown ના fund raising chair person છે. આંતર રાષ્ટ્રીય પુષ્ટી સંપ્રદાય કલકત્તામાં Vice President હતા. તેમણે Pranic Healing નો અભ્યાસ કર્યો છે. માનસિક, શારિરીક પિડીતોને સારવાર આપે છે. કલક્તામાં ગુજરાત કલબ, Friends Sporting, Gujarat Samaj વગેરે સંસ્થાઓ સાથે જોડાયેલ છે.

મિનાક્ષીબેનને બે સંતાન છે. દિકરો લવ, પુત્રવધુ પ્રાચી અને પૌત્રી પર્લ જે હાલમાં કલકત્તામાં વસવાટ કરે છે. દિકરી સ્નેહ વિવિધ ઈવેન્ટોનું Management કરે છે.

આવા ઉદાર દિલ દાતાઓ માટે સમાજ ગૌરવ

અનુભવે છે. સુંદર કાર્યો કરવા પ્રભુ તેમના કુટુંબીજનોને વધુને વધુ પ્રેરણા અને શક્તિ આપે.

## નવરાત્રિ કાર્યક્રમનો અહેવાલ

તારીખ ૧૧મી ઓકટોબરે બપોરે ૨.૩૦ વાગે મહિલા વિભાગ દ્વારા હિંદી વિદ્યા ભવનના ઓડિટોરીયમમાં નવરાત્રી નિમીતે ગરબાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ભરતભાઈ ડોસાની ઓર્કેસ્ટ્રાના તાલે ઉમર પ્રમાણે ૬ ગ્રુપ બનાવી હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. બહેનો તથા બાળકો મોટી સંખ્યામાં હરિફાઈમાં ભાગ લઈ આયોજનને સફળ બનાવ્યું હતું. આ કાર્યક્રમમાં નાસ્તા તથા કોલ્ડડ્રીંક અને Bisleri પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાઉન્ટર કાર્યક્રમની શરૂઆતથી અંત સુધી ખુલ્લા રાખવામાં આવ્યા હતા. જેથી બહેનો તથા બાળકો કોઈપણ જાતની ધક્કામૂકી વિના ખૂબ જ શાંતિથી નાસ્તાને ન્યાય આપી શક્યા હતા. સહુ હરીફો સુંદર વસ્ત્ર પરિધાન કરી આવ્યા હતા અને મન મૂકી નાચ્યા હતા. ભરતભાઈ ડોસાએ બહેનોની ફરમાઈશની એક પછી એક ધૂન વગાડી તથા સનેડો રમાડી સહુને આનંદિત કર્યા હતા. દરેક ગ્રુપમાં ત્રણ ઈનામો સુંદર પહેરવેશ માટે અને ૪ ઈનામો સુંદર રમનારને આપવામાં આવ્યા હતા. જે ગ્રુપમાં બહેનો વધારે હતી ત્યાં પાંચ પાંચ ઈનામો આપ્યા હતા. આ ઈનામો આપણા મુખ્ય મહેમાનોને હસ્તે અપાવ્યા હતા. શ્રીમતી શર્મિષ્ઠાબેન હર્ષદભાઈ ગાંધી તરફથી રૂા. ૧૫,૦૦૦ તેમજ શ્રીમતી જ્યોતિબેન પ્રફુલભાઈ શાહ (હાથી ખાનાવાળા) તરફથી રૂા. ૧૦,૦૦૦ મળ્યા હતા. મહિલા વિભાગએ તે બદલ બંને દાતાઓ તથા તેમના કુટુંબીજનોનો આભાર માને છે.

**લિ. સોહિણી ચો. કડકિયા – ૯૮૨૦૦૩૫૬૩૫૯**

✤ ✤ ✤ ✤ ✤

## શ્રી મદન મોહનજી મંદિર, બાલાસિનોર

### આનંદ-ઉલ્લાસ-ભક્તિભાવથી ઉજવાયેલ દ્વિતીય શતાબ્દી મહોત્સવ

બાલાસિનોરના આંગણે ઉપરોક્ત મંદિરનો દ્વિતીય શતાબ્દી મહોત્સવનો તા. ૨૦-૧૦-૧૪ના રોજ મોટા મંદિરના સથવારે 'કિર્તનીયા' દ્વારા આરંભ થયો. આશરે ૪૫૦ વૈષ્ણવો સમાજમાં ઉપસ્થિત રહ્યા હતા.

મદન મોહનજી મંદિર ખાતે તા. ૨૧-૧૦-૧૪ના રોજ બીજી વખત છપ્પન ભોગનો મનોરથ ઉજવાયો હતો, જેમાં આશરે ૨૫૦૦ ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. દર્શનની વ્યવસ્થા પ્રસાદ સાથે વ્યવસ્થિત કરવામાં આવી હતી

તા. ૨૨-૧૦-૧૪ના રોજ રાત્રે નવ કલાકે હોળી ચકલા ખાતે વડોદરાથી આવેલી પાર્ટી દ્વારા ભક્તિ સંધ્યાનો કાર્યક્રમ આશરે ૪૫૦ થી ૫૦૦ વૈષ્ણવોની હાજરીમાં રસ-આનંદપૂર્વક યોજવામાં આવ્યો હતો. તા. ૨૩-૧૦-૧૪ના રોજ સવારે ૧૧.૪૫ થી ૨.૩૦ સુધી દશાનીમા વણિકની વાડીમાં મંદિર તરફથી 'મહા પ્રસાદ'ની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી, જેમાં આશરે અગિયારસો કંઠી-ધારી વૈષ્ણવોએ પ્રસાદ આરોગ્યો હતો.

એજ દિવસે બપોરના ૩.૩૦ થી ૬.૩૦ મંદિરમાં ચુંદડી મનોરથનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૧૧ ચુંદડીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. વૈષ્ણવોએ ખૂબ જ શ્રધ્ધાપૂર્વક આ પ્રક્રિયાને આવકારી હતી. વૈષ્ણવોના મતે આવો ભવ્ય સુવ્યવસ્થિત મનોરથ ખૂબ જહેમતના કારણે સફળરીતે યોજવામાં આવ્યો હતો.

બાદમાં સાંજે ૭ થી ૮ નાવનો મનોરથ યોજવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં વૈષ્ણવોએ હાજરી આપી હતી.

તા. ૨૪-૧૦-૧૪ના રોજ બપોરના ૨ થી ૬ 'અન્નકુટ'ના દર્શનનો લાભ શ્રધ્ધાળુ વૈષ્ણવોએ લીધો હતો.

આમ આ સમગ્ર કાર્યક્રમો વૈષ્ણવોની હાજરીમાં સફળતા પૂર્વક સમાપ્ત થયા.

સ્થાનિક કાર્યકર્તાઓનો વિશેષ સહકાર મળ્યો. સ્થાનિક કાર્યકર્તાઓના સહયોગ સહકાર વિના સફળતા મળી શકત નહીં.

આ તબક્કે સક્રિય કાર્યકરો, આર્થિક સેવા આપનાર સૌ વૈષ્ણવોનો, મોટા મંદિરના ટ્રસ્ટીઓ, વાડીમાં સેવા આપનાર સૌ સેવકોનો, નગર પાલિકા, પોલીસ સ્ટેશનના અધિકારીઓનો આભાર માનીએ છીએ.

કાર્યક્રમને અંતે સૌએ આઈસ્ક્રીમને ન્યાય આપ્યો હતો.

✤✤✤✤✤

**Shri Balasinor Navyuvak Sangh Organised**
**SMT. Minaben Sudhir Dhari (Rangoonwala)**
**Sponsored Upnagar Vibhag**
**Smt. Maniben Manilal Shah(Jat)**
**Purskrut Paritoshak Vitaran**
**(Haste Rajubhai Shah)**
**Std Kg to IX th Upnagar Vibhag**

**Jr. KG**
1. Fenil Kartik Parikh

**SR. KG.**
1. Dhvani Ashish Mehta
2. Heeya Sachin Shah
3. Jainam Amrish Patel

**Std - I**

| | | |
|---|---|---|
| 1. | Venisha B. Kadakia | 92.50% |
| 2. | Hetvi Bhavesh Mistry | 78.33% |

**Std -II**

| | | |
|---|---|---|
| 1. | Jiash Jiten Parikh | 95.00% |
| 2. | Aryan Rakesh Dharia | 91.66% |
| 3. | Vidhi Sachin Shah | 90.00% |

**Std - III**

| | | |
|---|---|---|
| 1. | Priyanshi Tejas Gandhi | 96.25% |
| 2. | Ridham Hiten Parikh | 95.83% |
| 3. | Vyom Amrish Patel | 95.00% |

**Std - IV**

| | | |
|---|---|---|
| 1. | Vraj Mehul Upadhyay | 95.00% |
| 2. | Devanshi Nimish Patel | 92.50% |
| 3. | Khushi Pradip Patel | 91.66% |

**Std - V**

| | | |
|---|---|---|
| 1. | Sachi Mihir Desai | 92.66% |
| 2. | Manav Plyush Mistry | 92.14% |
| 3. | Yashvi Sachin Shah | 91.66% |

**Std-VI**

| | | |
|---|---|---|
| 1. | Yatee Mehul Upadhyay | 90.00% |
| 2. | Rusha Bhavesh Mistry | 85.00% |
| 3. | Hitarth Nainesh Parikh | 81.71% |

**Std - VII**

| | | |
|---|---|---|
| 1. | Dhruvi Amit Aya | 86.66% |
| 2. | Sarthak Hitesh Dharia | 78.33% |
| 3. | Vrunda Pratul Kacchia | 71.66% |

**Std - VIII**

| | | |
|---|---|---|
| 1. | Nupur Nimish Shah | 86.42% |
| 2. | Param Anish Parikh | 85.00% |
| 3. | Diva Manish Modi | 83.57% |

**Std - IX**

| | | |
|---|---|---|
| 1. | Prem Digdesh Modi | 93.50% |
| 2. | Payal Alpesh Shah | 90.66% |
| 3. | Nishi A. Modi | 90.00% |

## રામ-કૃષ્ણ (એક ધૂન)

તને રામ કહું યા ક્રિષ્ણ કહું, તારા અનેકો નામ છે,
તારા અનેકો રૂપ તારી, લીલા અપરંપાર છે.
તને ક્રિષ્ણ કહું યા રામ કહું, તારા અનેકો ધામ છે.
તારી લીલા અપરંપાર, તારા અનેકો કામ છે (૧)
રામ નામે પથ્થર તરીયા, બજરંગજીનું કામ રે,
લક્ષ્મણ કાજ, ડુંગર ઉચકો, હનુમંત નુ કામ રે,
ક્રિષ્ણ તું શ્યામ ભયો, કામણ તારી કાય રે,
એક જ તું, અનેક ગોપીઓ, યશોદાનો લાડ રે... (૨)
રામ નામની ધુન ભઈ, રામ નામની ગુંજ રે,
હે રામ, હરે રામ, રામ નામ હરે હરે.
ક્રિષ્ણ નામની ધુન ભઈ, ક્રિષ્ણ નામની ગુંજ રે,
હે ક્રિષ્ણા, હરે ક્રિષ્ણા, ક્રિષ્ણ નામ હરે હરે.
હરે રામ, હરે ક્રિષ્ણા, ક્રિષ્ણ રામ હરે હરે.
હરે ક્રિષ્ણ, હરે રામ, રામ ક્રિષ્ણા હરે હરે. (૩)

**ચાંદશા - ચંદ્રકાંત શાહ (ચટઈ)**

## શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ

### અનુકરણીય દાન

સમાજનાં દાતાઓ સમક્ષ ૩ નવી વિદ્યાલક્ષી યોજનાઓ રજુ કરવામાં હતી, તેનાં પ્રતિસાદ રૂપે, તે પૈકીની, 'કન્યા શિક્ષણ યોજના - Girls' Education Scheme.' ને સદ્દગત પ્રમુખ અને દાતા શ્રી રસિકલાલ મણિલાલ લાકડાવાળા થકી આગવી ઓળખ પ્રાપ્ત થઈ છે. સદર યોજના તેમનાં ધર્મપત્ની શ્રીમતી કુસુમબેનની અંતિમ ઈચ્છા મુજબ, બન્નેની સ્મૃતિમાં.

'કુસુમબેન રસિકલાલ અને શ્રી રસિકલાલ મણિલાલ લાકડાવાળા All Girls Education Scheme નામાંકિત રહેશે. આ યોજના માટે શ્રી રસિકભાઈ તરફથી તેઓની હયાતિમાં જ રૂા. ૬,૨૫,૦૦૦/- મંડળને પ્રાપ્ત થયેલ છે. યોજનાની નિયત રાશિ કુલ રૂા. ૭.૫૦,૦૦૦/- (અંકે રૂપિયા સાડા સાત લાખ)માંની બાકીની રકમ રૂા. ૧,૨૫,૦૦૦નું દાન વચન તેમનાં પરિવારજનો તરફથી મળેલ છે.

આ ઉપરાંત ચાલુ માસ દરમ્યાન 'એક હિતેચ્છુ' તરફથી રૂા. ૨,૦૦,૦૦૦/- (રૂા. બે લાખ પુરા) નું દાન મળેલ છે. મંડળનાં સભ્યો અને ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ તેમજ કાર્યવાહક સમિતિનાં સભ્યો દાતાશ્રીઓનો અને તેમનાં પરિવારનો હૃદયપૂર્વક આભાર માને છે.

**૯૦મી વાર્ષિક સામાન્ય સભા (AGM) બાદ મંડળની પ્રથમ કારોબારીમાં**
**નીચે મુજબ હોદેદારોની નિમણુક કરવામાં આવી હતી.**

| | | | |
|---|---|---|---|
| (૧) | શ્રી કિરિટ રમણલાલ કડકીઆ (મલમ) | - | પ્રમુખ |
| (૨) | શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ (મેનપુરવાળા) | - | ઉપપ્રમુખ |
| (૩) | શ્રી ચંદ્રકાંત ચીમનલાલ દેસાઈ (પ્રોફેસર) | - | ઉપપ્રમુખ |
| (૪) | શ્રી મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર) | - | માનદ્દમંત્રી |
| (૫) | શ્રી જસ્મીન બિપીન શેઠ | - | માનદ્દમંત્રી |
| (૬) | શ્રી નિકેશ જયેન્દ્ર ગાંધી | - | ખજાનચી |
| (૭) | શ્રી હિતેશ રજનીકાંત પરીખ | - | ખજાનચી |

**માનદ્દમંત્રીઓ - મંજુલ શૈલેષ ધારીઆ - જસ્મીન શેઠ**

---

## કે.એમ.જી.જનરલ હોસ્પિટલ, બાલાસિનોર

**બાલાસિનોર કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

**(૧) શ્રી કુસુમબેન રસિકલાલ પરીખ તથા શ્રી રસિકલાલ મણીલાલ પરીખ (લાકડાવાળા) ડાયાબીટીસ નિદાન કેમ્પ:** તા. ૧૯-૧૦-૧૪ને રવિવારના રોજ યોજવામાં આવેલ. જેમાં આણંદના ડૉ. શિશિરભાઈ ગાંધી તથા તેઓની ટીમે સેવા આપેલ. આ કેમ્પમાં કુલ ૧૪૮ દર્દીઓ નોંધાયેલ હતા. જેમાંથી ૧૨૪ દર્દીઓ હાજર હતા. બધા જ રજીસ્ટર થયેલ ૧૪૮ દર્દીઓના રૂા. ૫૫૨૦/- ના ડાયાબીટીસ ટેસ્ટ ફ્રી કરવામાં આવેલ. તમામ દર્દીઓને સાત દિવસની દવા રૂા. ૨૩૫૬૬/- ની ફ્રી આપવામાં આવેલ. આગામી ડાયાબીટીસ નિદાન કેમ્પ તા. ૧૮-૧-૧૫ના રોજ યોજવામાં આવેલ છે.

**તા. ૧-૪-૧૪ થી તા. ૩૦-૯-૧૪ દરમ્યાન હોસ્પિટલમાં વિવિધ વિભાગોમાં થયેલ પ્રવૃત્તિનો અહેવાલ**
**(આંકડાકીય માહિતિ)**

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | શ્રી શાંતીલાલ રવચંદદાસ શાહ (ચોક્સી) | સર્જીકલ વિભાગ | - | ૪૩૧૦ |
| (૨) | શ્રી મણીલાલ ચંદુલાલ પરીખ | એકસરે વિભાગ | - | ૪૪૦૩ |
| (૩) | રમણલાલ જેઠાલાલ કચેરીઆ | સ્કીન વિભાગ | - | ૧૭૭૧ |
| (૪) | મોહનલાલ લલ્લુભાઈ કડકીઆ (મરઘા) | સોનોગ્રાફી વિભાગ | - | ૧૮૧૧ |

**ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાનઃ**

(૧) એક અનામી દાતા - ૨,૦૦,૦૦૦/-

**માનદ્ મંત્રીઓ : શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી નીતીન પરીખ**

# શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળની ૮૬મી વાર્ષિક સામાન્ય સભા તથા પહેલી મિટિંગનો અહેવાલ

મંડળની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૫-૯-૧૪ને ગુરૂવારે સાંજે ૭.૩૦ વાગે હિન્દી વિદ્યા ભવન મરીન લાઈન્સ ખાતે યોજવામાં આવી હતી.

ચૂંટણી કન્વીનીયર નિતીનભાઈ ગાંધીએ નિમણુંક કર્યા હતા. આ ચૂંટણી ૨૦૧૪-૨૦૧૫ થી ૨૦૧૮-૨૦૧૯ પાંચ વર્ષ માટે યોજાઈ હતી. કમિટિ ૨૧ મેમ્બરની હોય પણ આપણા ૧૭ ફોર્મ ભરાયા હતા. ૧૫ જણાના ફોર્મ બરાબર હતા. બે જણના ફોર્મ રીજેક્ટ થયા.

**ઓફીસ બેરર**

**પ્રમુખ** :શ્રી પંકજભાઈ કાંતિલાલ ધારિયા (લાલખા)

**ઉપપ્રમુખ**:શ્રીમતી સોહિણી યોગેશકુમાર કડકિયા

શ્રી પરેશ રસિકલાલ પરીખ (દૂધવાલા)

**સેક્રેટરી** :શ્રી કિરીટ રમણલાલ ધારિયા

શ્રી નિમિષ મનહરલાલ કડકિયા (મલમ)

**ખજાનચી**:શ્રી મંજુલ શૈલેષ ધારિયા (હેડમાસ્તર)

શ્રી મિનીષ બાબુલાલ કડકિયા (લટકારી)

**૨૦૧૪-૨૦૧૫ થી ૨૦૧૮-૨૦૧૯**

શ્રી નિતિન પ્રવિણચંદ્ર ગાંધી, શ્રી પ્રકાશ કાંતિલાલ શાહ (ઉજડાવાલા), શ્રી મિનિષ બાબુલાલ કડકિયા (લટકારી), શ્રી જગદીશ રમણિકલાલ ધારિયા

**કો-ઑપ મેમ્બર્સ**

શ્રી જયેશ રમેશચંદ્ર પરીખ (જાડા)

શ્રીમતી વર્ષા અશોક શાહ

**સબ કમિટિ**

શ્રીમતી કલાબેન ચિમનલાલ કડકિયા (બનડા)

**આર્થિક રાહત યોજના.**

શ્રીમતી તારાબેન રતિલાલ પરિખ

**જીવન નિર્વાહ યોજના :**

(૧)શ્રી રજનીકાંત કાંતિલાલ કડકિયા (લટકારી)

(૨)શ્રીમતી પુષ્પાબેન રસિકલાલ કડકિયા

અપલીફટમેન્ટ ઓફ સોસાયટી

શ્રી વિરેન્દ્ર કંચનલાલ ગાંધી (સુરતી)

(૩)Members Related -

શ્રી કિર્તી હિરાલાલ કડકિયા (લટકારી)

(૪)શ્રી જતીન ન. દેસાઈ મુક્તિધામ યોજના

શ્રી મિનિષ બાબુલાલ કડકિયા (લટકારી)

(૫)Amalgmation

શ્રી વસંતભાઈ શાંતિલાલ પરીખ (કુવાવાળા)

## શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ મેડિકલ ટ્રસ્ટ

ઓફિસ બેરર જે શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળના છે તે જ ઓફિસ બેરર શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ મેડિકલ ટ્રસ્ટના જ કામ કરશે. ટ્રસ્ટ Constitution artical 5 (a)

**સબ કમિટિના મેમ્બર**

(૧)ગર્વનિંગ કાઉન્સીલ

શ્રી ઉષનસ નવિનચંદ્ર કચેરિયા.

(૨)મેડિકલ રિલીફ

શ્રી કૌશિક કાંતિલાલ કડકિયા

**સુપ્રીટેન્ડન્ટ મેડિકલ સેન્ટર**

(2014-15 to 2018-2019)

ડૉ. અક્ષય દિનકરલાલ સેવક

**એડમિનિસ્ટ્રેટર (2014-15 to 2018-2019)**

શ્રીમતી કિન્નરી અક્ષય સેવક.

**સેક્રેટરી : કિરીટ રમણલાલ ધારિયા**

**નિમિષ મનહરલાલ કડકિયા**

# બાલાસિનોર મુકામે

## શ્રી ગોકુલનાથજીના મંદિરના ફગવા ઉત્સવનું આયોજન

**શ્રી ગોકુલનાથજીની અસીમ કૃપાથી**

## ફાગણ સુદ - ૯ને શુક્રવાર તા. ૨૭-૨-૧૫ના રોજ

**બાલાસિનોર મુકામે શ્રી ફગવા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.**

આ પ્રસંગે બાલાસિનોરના સમસ્ત વૈષ્ણવ પરિવારજનોને બાલાસિનોર શ્રી ગોકુલ નાથજીના મંદિરના ઉત્સવમાં હાજર રહી અવિસ્મરણીય આનંદ માણવા તથા બગીચે શ્રી ઠાકોરજીનો પ્રસાદ પ્રેમ પૂર્વક લેવા અમારું ભાવ ભર્યુ આમંત્રણ છે.

## પ્રસંગો

**કિર્તનીયા**

ગુરૂવાર તા. ૨૬-૨-૧૫
ના રોજ સાંજે ૪ કલાકે

**દાંડીયા રાસ**

ગુરૂવાર તા. ૨૬-૨-૧૫
ના રોજ રાત્રે ૮.૩૦ કલાકે

**ઠાકોરજીની શોભાયાત્રા**

શુક્રવાર તા. ૨૭-૨-૧૫
ના રોજ સવારે ૯.૦૦ કલાકે
શ્રી ગોકુલનાથજીના મંદિરેથી

## આ વર્ષના ફગવા ઉત્સવના મનોરથી

**ગં.સ્વ. લલિતાબેન ચીમનલાલ પરીખનો સમસ્ત પરિવાર (જેઠા જવર)**

**સ્થળઃ હોળી ચકલા, બાલાસિનોર**

બાલાસિનોર : ટેલીફોન નં. ઘરનો : ૨૩૬૭૪૭૪૩ - ગજેન્દ્ર ચીમનલાલ પરીખ
: ટેલીફોન નં. ઘરનો : ૨૩૮૮૨૮૮૬ - બિપીનચંદ્ર ચીમનલાલ પરીખ

**સંપર્કઃ**

| | | | |
|---|---|---|---|
| સ્નેહલ પરીખ | મો. ૯૧૬૭૭૮૨૮૩૧ | ગજેન્દ્ર પરીખ | મો. ૯૮૨૦૫૦૬૭૬૯ |
| શોભના પરીખ | મો. ૯૯૩૦૯૯૨૬૩૯ | બિપીન પરીખ | મો. ૯૮૨૦૧૭૬૦૯૨ |
| હીમા પરીખ | મો. ૯૮૨૧૨૪૪૮૭૩ | ધર્મેશ પરીખ | મો. ૯૮૩૩૮૬૧૩૪૦ |
| જીજ્ઞા પરીખ | મો. ૯૯૬૯૧૧૪૧૩૯ | રીપલ પરીખ | મો. ૯૮૨૦૧૭૬૦૯૨ |

# બાલાસિનોર વિદ્યામંડળ

## પ્રશંસનીય ગુપ્તદાન

આપણી સંસ્થાને રૂા. ૨,૦૦,૦૦૦/- (અંકે રૂા. બે લાખ)નું માતબર ગુપ્તદાન એક અતિ સુસંસ્કૃત અને અતિ ઉમદા ભાવનાશીલ પરિવાર તરફથી નામ ન આપવાની શરતે કોલેજની બુક બેંક યોજના માટે મળ્યું છે.

આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ માટેની સંપૂર્ણ સંવેદના સાથે અને કોઈપણ જાતના માનપત્ર કે પ્રસિદ્ધિ ન પામવાની આકરી શરતને આધીન ખૂબ ઉમદા હેતુથી આ મહાદાન આપ્યું છે. આખી સૃષ્ટિ ઈશ્વરે બનાવી છે. ઉષા અન સંધ્યાના સુંદર રંગો આકાશમાં ભરે છે પરંતુ ઈશ્વર ક્યાંય નામ લખતો નથી. જ્યારે મનુષ્ય સંધ્યાનુ એકાદ ચિત્ર પણ બનાવે તો નામ લખવાનું ચૂકતો નથી.

સંસ્થા જ્યોતિપુંજના જાહેર માધ્યમ દ્વારા દાતા પરિવારનો આભાર માને છે અને ઋણ સ્વીકાર કરે છે અને તેમના સમગ્ર પરિવારના સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરે છે.

બાલાસિનોર વિદ્યામંડળની ૪૭મી વાર્ષિક સામાન્ય સભા શ્રી જશવંતભાઈ પરીખના પ્રમુખસ્થાને તા. ૩૦-૯-૧૪ના રોજ મળી હતી અને મુંબઈના ૬ કારોબારી સભ્યો વાર્ષિક સામાન્ય સભા તથા કોલેજની મુલાકાતે ગયા હતા. આગામી વર્ષ દરમિયાન હાથ ધરવાના વિવિધ કાર્યની સુચી બનાવી અને તેને તબક્કાવાર પૂરા કરવાની નોંધ લીધી.

(૧) મેદાનમા પાણીની ટાંકી ઉપર કુલરની વ્યવસ્થા.
(૨) સ્ટાફબહેનો માટે ટોયલેટની અલગ વ્યવસ્થા.
(૩) કેન્ટીનમાં બાથરૂમ, વોશબેસીન અને રસોડાનું રીપેરીંગ.
(૪) અદ્યતન જીમ્નેશીયમ
(૫) જોગીંગ ટ્રેક (૩૦૦ મીટરનો)
(૬) પુસ્તકાલયમાં સોફ્ટવેર, પ્રિન્ટર, સ્કેનર લેન કરવા.
(૭) વિદ્યાર્થીનીઓ માટે મેદાનમાં ટોયલેટ બ્લોક
(૮) મેદાનમાં વિદ્યાર્થીઓ માટે બાંકડા મૂકવા.

**લી. બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિ વતી.**

## બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળ

બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળી જાહેર કરે છે. SP Discount ડ્રાયફ્રુટસની અમુક જેવા કે અખરોટ, અંજીર, જરદાલુ, કિસમીસ માં Discount રાખેલ છે. જ્યાં સુધી માલ હશે ત્યાં સુધી મળશે તેની નોંધ લેવી.

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૪થી બેઠક તા. ૭-૧૦-૧૪ મંગળવારના રોજ સાંજે ૬.૪૫ કલાકે શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફીસ ખાતે મળી હતી.)

પ્રમુખશ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી જાસ્મીન શેઠએ ગત મીટીંગનો અહેવાલ રજુ કર્યો હતો. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો. ક્રિકેટના સંયોજક શ્રી ચીરાગ પરીખએ મનોરમાબેન હસમુખભાઈ ધારીઆ બીપીએલ-ટી ૨૦ ની જાહેરાતો કરી હતી અને જણાવ્યુ હતુ. ટુર્નામેન્ટ ૨૨ નવેમ્બર ૨૦૧૪ થી શરૂ થશે.

ખજાનચી શ્રી નિકેશ ગાંધીએ ખજાનચી પદ પરથી સ્વૈચ્છીક રાજીનામુ આપ્યું હતું. તે કારોબારીએ પસાર કર્યું હતું અને પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆએ તેમને પુષ્પગુચ્છ અર્પણ કરી તેમની સેવાને બિરદાવી હતી. નિકેશ ગાંધીએ સંઘના સર્વ હોદ્દેદારો અને કમિટી મેમ્બરનો આભાર માન્યો હતો અને તેમણે જણાવ્યું હતું કે સંઘને જ્યારે મદદની જરૂર હશે ત્યારે તેઓ ચોક્કસ મદદરૂપ બનશે.

શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાળા) ઉપનગર વિભાગના સંયોજક શ્રી હેમેન્દ્રભાઈ શાહએ બીજા પ્રોગ્રામ નવુ નાટક રાખવાનું સુચન કર્યું હતુ અને તેનુ ટીકીટોનું વિતરણ તા. ૨૪-૧૧-૧૪નારોજ વિવિધ સ્થળોએ રાખવાની જાહેરાત કરી હતી.

શ્રીજી મેડિકલેમના સંયોજક શ્રી નીલેશ શાહ એ તેમનો અહેવાલ રજુ કર્યો હતો.

શ્રી સુરેન્દ્ર પરીખ (સુરેન્દ્ર એન્જીનીયરીંગ કોરર્પોરેશન) શ્રી દક્ષેશભાઈ અને શ્રી મીનીષભાઈ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝીસ) આંતરીક રમત ગમતના સંયોજક શ્રી સંજય શાહએ રજૂઆત કરી હતી. કે મુંબઈ ખાતે રમત ગમત તા. ૧૬-૧૧-૧૪ના રોજ રમાશે. ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) દીવાળી પર્વ આર્થીક રાહત યોજનાના સંયોજક શ્રી અજીત મોદીએ જણાવ્યું હતું કે કુલ ૫૫ અરજીઓ આવી હતી તે સહુને ૧૫-૧૦-૧૪ના રોજ આપવામાં આવશે તેની જાહેરાત કરી હતી.

શ્રી રજનીકાન્ત કાન્તીલાલ કડકીઆ (ધરીવાલા) વાર્ષિક રસોત્સવના સંયોજક શ્રી સમીર ગાંધીએ રજુઆત કરી હતી કે આ વખતે આપણે કમલજાનીનો પ્રોગ્રામ 'મન મોર કરે થનગાટ' રાખવામાં આવ્યો છે. ટીકીટોનું વિતરણ તા. ૧૯-૧૦-૧૪ના રોજ રવિવારે વિવિધ સ્થળે રાખવાનુ સુચન કર્યું હતું. આ પ્રોગ્રામમાં આપણા સીલ્વર જ્યુબીલી તંત્રી શ્રી નીખીલભાઈ પરીખનું બહુમાન કરવાનું નક્કી કર્યું છે. સંયોજકે સહુને સમયસર હાજર રહેવા વિનંતી કરી હતી.

શ્રીમતી શાંતાબેન લાલચંદ દોશી મહિલા વિભાગના સંયોજક શ્રીમતી સોહીણીબેન કડકીઆ એ તેમના ઉજા પ્રોગ્રામનો હિસાબ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો અને તેમણે જાહેરાત કરી હતી સ્નેહ સમ્મેલન તા. ૩૧-૧૦-૧૪ના રોજ તેજપાલ ખાતે યોજવામા આવશે.

શ્રી મનોજભાઈ / અમરીશભાઈ કન્સેશનલ રેટ નોટ બુક યોજનાના સંયોજક શ્રી અજય દોશીને જણાવવામા આવ્યું હતું કે તેઓ નોટબુકના જાહેર ટેન્ડરો નવેમ્બર તથા ડીસેમ્બર અંત પહેલા મગાવીલે.

પ્રમુખશ્રીએ શ્રી દક્ષેશભાઈ પરીખ/શ્રી જીગર કડકીઆ અને શ્રી નીલેશ શાહનો દાંડીયારાસ માટે જે મહેનત કરી હતી તે બદલ પ્રસંશા કરી હતી.

કુલ ૩ નવી આજીવન અરજીઓ આવી હતી તે સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રી એ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી**

## વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ક્રે.સો.લી.

### K.Y.C. ફોર્મ અંગે જરૂરી માહિતી

શેર હોલ્ડર ભાઈ/બહેનો

K.Y.C. ફોર્મ ઉપર એડ્રેસ પ્રુફ સાથે સોસાયટીના કાર્યાલયમાં સુપ્રત કરવા અંગે જરૂરી માહિતીઓ નીચે મુજબ દર્શાવેલ છે.

૧) K.Y.C. ફોર્મ આ પ્રમાણે ભરવાનું રહેશે.

શેરહોલ્ડર નંબર,

Surname - Name-Father/Hasband Name - Khij

તેના ઉપર ફોટો અને Pan Card પ્રમાણે Cross માં સહી કરવાની રહેશે અને Pan Card પ્રમાણે જ સહી કરવાની રહેશે. ઈમેલ આઈડી, સેલ નંબર અને લેન્ડલાઈન નંબર આપવો તમારા હીતમાં જરૂરી છે.

૨) પેન કાર્ડની કોપી ફરજીયાત આપવાની રહેશે.

૩) એડ્રેસ પ્રુફમાં આ પૈકી કોઈપણ એક પ્રુફ આપવું ફરજીયાત છે. (આધાર કાર્ડ, રેશનીંગ કાર્ડ, પાસપોર્ટ, ટેલીફોન અથવા લાઈટબીલ, ડ્રાઈવીંગ લાઈસન્સ, બેન્ક પાસબુકની આગળપાછળની ઝેરોક્સ અને વોટીંગકાર્ડ.

૪) બેન્કના ખાતાનો કેન્સલ કરેલો ચેક અથવા તેની ઝેરોક્સ કોપી.

**નોંધ :** આપેલા K.Y.C. અધુરા હશે તો તે K.Y.C. ફરીથી સંપૂર્ણ ભરીને પાછા આપવાના રહેશે તે ભરનાર શેર હોલ્ડર ભાઈઓ/બહેનોને ગિફટ કુપન આપવામાં આવશે. ડુપ્લીકેટ ગિફ્ટ કુપન કોઈપણ સંજોગમાં આપવામાં આવશે નહી.

નવા શેર સર્ટીફીકેટ મેળવવા માટે K.Y.C. ફોર્મ સંપૂર્ણ વિગતો સાથે આપવું ફરજીયાત રહેશે.

**પ્રફુલભાઈ શાહ – ચેરમેન**
**કૌશીકભાઈ કડકીયા – માનદ્‌મંત્રી**
**મંજુલભાઈ ધારીઆ – માનદ્‌મંત્રી**

## પ્રકીર્ણ વિભાગ

### બાલાસિનોરનું ગૌરવ

**શ્રી દક્ષેશ બાબુલાલ કડકીઆ (લટકારી)** ગરવારે કલ્બ હાઉસમાં કો.ઓપ્ટ સભ્ય તરીકે ૨૦૧૪-૨૦૧૫ માટે ચુંટાયેલા છે. સંસ્થાવતી તેઓને અભિનંદન.

### મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| બાબુલાલ ભીખાલાલ પરીખ | ૯૨ |
| ચેતનાબેન દિલીપકુમાર મોદી | ૬૭ |
| ચંદ્રીકાબેન જયંતિલાલ ગાંધી (કલકત્તાવાળા) | ૮૭ |
| નિરંજનાબેન રાજેન્દ્રભાઈ દેસાઈ (અમદાવાદ) | ૫૯ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો – ૧૯૧૯**